GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
□ Industries & Factories
□ Commercial & Residential Buildings
□ Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ સાતમ ગુરુવાર ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૬

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# રામ મંદિર ટ્રસ્ટમાં મોટા ફેરફારો

**દાનની** ચોરીના વિવાદ અને ચંપત રાયના રાજીનામા બાદ ટ્રસ્ટના વહીવટી માળખામાં મોટો ફેરફાર

**ઓપરેશન** સિંદૂરમાં મહત્વની ભૂમિકા ભજવનાર નિવૃત્ત એર માર્શલ જીતેન્દ્ર મિશ્રા પ્રથમ સીઈઓ

**ગોવિંદ** દેવ ગિરી નવા જનરલ સેક્રેટરી બન્યા, મહેશ ભાગચંદકા ખજાનચી, ત્રણ નવા ટ્રસ્ટીઓની પણ વરણી

**અયોધ્યા, તા. 2 (PTI):** અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની યોજાયેલી બેઠકમાં રામ મંદિરના સંચાલન અને વહીવટ માટે નિવૃત્ત એર માર્શલ જીતેન્દ્ર મિશ્રાને પ્રથમ મુખ્ય કારોબારી અધિકારી (CEO) તરીકે નીમવામાં આવ્યા છે. આ ઉપરાંત, ટ્રસ્ટના ભૂતપૂર્વ ખજાનચી ગોવિંદ દેવ ગિરીને નવા જનરલ સેક્રેટરી અને મહેશ ભાગચંદકાને ખજાનચી બનાવવામાં આવ્યા છે.

ટ્રસ્ટ દ્વારા અયોધ્યાના એડવોકેટ મદન મોહન પાંડે (જેમણે રામલલા વિરાજમાન વતી કેસ લડ્યો હતો), દિલ્હીના ભાગચંદકા અને શિકોહાબાદના નિવૃત્ત કોલેજ પ્રિન્સિપલ અને શિક્ષણશાસ્ત્રી ડૉ. નિર્મલા યાદવની નવા ટ્રસ્ટીઓ તરીકે વર્ણી કરવામાં આવી છે.

ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસ અને ગોવિંદ દેવ ગિરીની ઉપસ્થિતિમાં બેઠક બે સત્રોમાં યોજાઈ હતી. ગોવિંદ દેવ ગિરીએ જણાવ્યું હતું કે, જરૂર પડે તો ટ્રસ્ટ ડેપ્યુટી અથવા જોઈન્ટ સીઈઓની નિમણૂક કરી શકે છે. સીઈઓની ફરજો અને જવાબદારીઓ નક્કી કરતી એસઓપી (SOP) તૈયાર કરવામાં આવશે. અયોધ્યાને વિશ્વની સાંસ્કૃતિક રાજધાની બનાવવા માટે ટ્રસ્ટ કોઈ કસર બાકી રાખશે નહીં.

મંદિરમાં ભેગા થતા દાનમાં ચોરી

...અનુસંધાન પાના 11 પર





## AI અને મલ્ટિ-લેવલ સ્ક્રીનિંગ દ્વારા સીઈઓની પસંદગી

નિવૃત્ત જસ્ટિસ પ્રમોદ કોહલીની અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યોની સર્ચ કમિટિએ સીઈઓની પસંદગી કરી હતી. દેશભરમાંથી મળેલી 5,585 અરજીઓમાંથી AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને માનવ મૂલ્યાંકન દ્વારા 600 માર્ક્સના માળખા હેઠળ ચકાસણી હાથ ધરાઈ હતી. 470થી વધુ ગુણ મેળવનાર 108 ઉમેદવારો સાથે વર્ચ્યુઅલ વાતચીત કરાઈ હતી અને ઓગસ્ટમાં અયોધ્યામાં 16 ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવાયા હતા. સમિતિએ અંતિમ 3 નામોની શોર્ટલિસ્ટ સોંપી હતી, જેમાંથી 62 વર્ષીય જીતેન્દ્ર મિશ્રાની પસંદગી કરાઈ. શોર્ટલિસ્ટમાં નિવૃત્ત મેજર જનરલ સંજય પ્રતાપ સિંહ બિષ્ટ અને શ્રુતિ હરદ્વારીના નામ પણ સામેલ હતા.

## કોણ છે નવા CEO એર માર્શલ જીતેન્દ્ર મિશ્રા?

ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના વતની જીતેન્દ્ર મિશ્રા ભારતીય વાયુસેનામાં 39 વર્ષથી વધુ સમય સુધી સેવા આપી 30 એપ્રિલ, 2026ના રોજ નિવૃત્ત થયા હતા. તેઓ પશ્ચિમી વાયુ કમાન્ડ (WAC)ના વડા રહી ચૂક્યા છે અને મે 2025 ના 'ઓપરેશન સિંદૂર' દરમિયાન તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમને સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલ, અતિ વિશિષ્ટ સેવા મેડલ અને વિશિષ્ટ સેવા મેડલ જેવા લશ્કરી સન્માનોથી નવાજવામાં આવ્યા છે. ફાઈટર પાઈલટ તરીકે 3,000થી વધુ કલાકના ઉડાનનો અનુભવ ધરાવતા મિશ્રા એનડીએ (NDA) પુણે, અમેરિકાના એર કમાન્ડ અને યુકેના રોયલ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેમણે વાયુસેનામાં અનેક મહત્વપૂર્ણ કમાન્ડ અને ઓપરેશનલ હોદ્દાઓ સંભાળ્યા છે.

## મહિલા ટ્રસ્ટીનો સમાવેશ-ત્રણ નવા ટ્રસ્ટી

રામ મંદિરમાં દાન ચોરીના વિવાદ બાદ પોતાના વહીવટી માળખામાં મોટો ફેરબદલ કરતા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે બુધવારે તેના પ્રથમ સીઈઓ (CEO), નવા જનરલ સેક્રેટરી અને ખજાનચીની નિમણૂક કરી છે, તેમજ પ્રથમ મહિલા સભ્ય સહિત ત્રણ નવા ટ્રસ્ટીઓને સામેલ કર્યા છે. ટ્રસ્ટે અયોધ્યાના મદન મોહન પાંડે, દિલ્હીના વ્યાપારી અને સામાજિક કાર્યકર મહેશ ભાગચંદકા અને શિકોહાબાદના ડો. નિર્મલા યાદવની ટ્રસ્ટી તરીકે વરણી કરી છે. ડો. યાદવ ટ્રસ્ટમાં સામેલ થનારા પ્રથમ મહિલા છે. ભૂતપૂર્વ ખજાનચી સ્વામી ગોવિંદ દેવ ગિરીને નવા જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે, જ્યારે ભાગચંદકાને ખજાનચીની જવાબદારી સોંપાઈ છે. ચંપત રાયના રાજીનામા બાદ જુલાઈથી આ પદ સંભાળી રહેલા વચગાળાના જનરલ સેક્રેટરી કૃષ્ણા મોહને ટ્રસ્ટની બેઠક બાદ આ નિમણૂકોની જાહેરાત કરી હતી. મોહને જણાવ્યું હતું કે આ બેઠક બે સત્રોમાં યોજાઈ હતી, જેમાં ત્રણેય નવા ટ્રસ્ટીઓ બીજા સત્રમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. નવા નેતૃત્વએ એવા પણ સંકેત આપ્યા છે કે ટ્રસ્ટનું વહીવટી માળખું ભવિષ્યમાં વધુ વિસ્તરી શકે છે. ગિરીએ કહ્યું, "આગામી દિવસોમાં અમને

...અનુસંધાન પાના 11 પર

# પૂર હોનારત માટે ચીન, ભારત, અમેરિકા વળતર આપે: નેપાળ

**પીએમ** શાહે આ આપત્તિ પાછળ ક્લાઇમેટ ચેન્જનું કનેક્શન હોવાનું જણાવ્યું

**નેપાળમાં** આવેલા પૂરમાં મૃત્યુઆંક ૧,૨૦૦ને પાર

**જળ** પ્રલયના એક સપ્તાહ પછી ૪,૨૧૬ લોકો હજી પણ ગુમ



■ મૃત્યુ, અંતિમ સંસ્કાર, પ્રાર્થના અને અંતિમ વિદાયની હિન્દુ વિધિઓ આ હોનારતની વિશાળતા સામે ટૂંકી પડી રહી છે. ડીએનએ સેમ્પલ લીધા પછી નેપાળે પહાડી દેશમાં આવેલા વિનાશક પૂરમાં માર્યા ગયેલા પીડિતોને સામૂહિક કબર (સામૂહિક રીતે દફનાવવાનું) આપવાનું શરૂ કર્યું છે. મૃતદેહોની સંખ્યા એટલી વધારે છે કે તેને વ્યક્તિગત રીતે રાખવા કે ઓળખવા મુશ્કેલ હોવાથી સત્તાવાળાઓ ડીએનએ સેમ્પલ લીધા પછી અજાણ્યા મૃતદેહોને દફનાવી રહ્યા છે.

**કાઠમંડુ, તા. 2 (PTI):** ભોટેકોશી નદીના કિનારે બનેલી ટનલો અને ભૂગર્ભ પાવરહાઉસમાં ફસાયેલા હોવાની આશંકા ધરાવતા લોકોને શોધવા માટે બચાવકર્મીઓ વરસાદ અને કાટમાળ વચ્ચે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે નેપાળમાં અચાનક આવેલ વિનાશક પૂરથી મૃત્યુઆંક બુધવારે ૧,૨૦૦ને પાર કરી ગયો છે.

ગયા અઠવાડિયે આવેલા અચાનક પૂરમાં હજી પણ ગુમ થયેલા સ્થાનિકોના પરિવારો દ્વારા સાંકેતિક અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, તેવામાં વડા પ્રધાન બાલેન્દ્ર શાહે જણાવ્યું હતું કે, આ આપત્તિનું ક્લાઇમેટ ચેન્જ સાથેનું કનેક્શન આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ મજબૂત રીતે ઉઠાવવું જોઈએ. નેપાળે ગ્રીનહાઉસ વાયુઓના વિશ્વના સૌથી મોટા ઉત્સર્જકોમાં ચીન, ભારત અને અમેરિકાના નામ આપ્યા છે અને તાજેતરના વિનાશક પૂર માટે 'ક્લાઇમેટ કમ્પેન્સેશન' (હવામાન વળતર)ની માંગ કરી છે. કાઠમંડુ આ વળતર મેળવવા માટે એટલું દ્રઢ છે કે તે આ મુદ્દા પર દબાણ લાવવા વડાપ્રધાન બાલેન્દ્ર 'બાલેન' શાહને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં મોકલવાની યોજના બનાવી રહ્યું છે.

નેપાળના નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, પૂરથી પ્રભાવિત આઠ જિલ્લાઓમાંથી વધુ મૃતદેહો મળી આવતાં મૃત્યુઆંક ૧,૨૦૪ પર પહોંચી ગયો છે, જ્યારે દેશના ઉત્તરીય અને મધ્ય ભાગોમાં શહેરો અને ગામડાંઓને પૂરે તારાજ કર્યાના એક સપ્તાહ પછી પણ ૪,૨૧૬ લોકો હજી પણ ગુમ છે.

સુરક્ષા દળોએ ચિતવન જિલ્લામાંથી ૩૪૮, નવલપરાસી પૂર્વમાંથી ૨૧૭, નવલપરાસી પશ્ચિમમાંથી ૨૦૨ અને નુવાકોટમાંથી ૧૫૫ મૃતદેહો મેળવ્યા છે. તેવી જ રીતે રસુવાથી ૧૧૫, ગોરખામાંથી ૬૯, ધાદિંગમાંથી ૬૦ અને તેનાહૂમાંથી ૩૮ મૃતદેહો મળી આવ્યા છે.

ગુમ થયેલા લોકોમાં ૫૮૩ વિદેશીઓ છે. નેપાળી સેના

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### મહિલા સશક્તિકરણનું નવું પ્રકરણ

aઆર્મી અને નેવીમાં મહિલા અધિકારીઓ અત્યાર સુધી કમિશન્ડ કેડરમાં કર્નલ અને સમકક્ષ રેન્ક સુધી પહોંચ્યા છે. મંગળવારે, એર વાઇસ માર્શલ શર્માએ એર હેડક્વાર્ટર ખાતે આસિસ્ટન્ટ ચીફ ઓફ ધ એર સ્ટાફ (એજ્યુકેશન) તરીકેનો પદભાર સંભાળ્યો છે. સંરક્ષણ મંત્રાલયે આ માહિતી આપતા ઉમેર્યું: "આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ સંરક્ષણ દળોમાં મહિલા અધિકારીઓની સફરમાં એક નવું પ્રકરણ અંકિત કરે છે."

મંત્રાલયનાં સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, તેમની કારકિર્દી દરમિયાન એવીએમ શર્માએ શૈક્ષણિક અને વ્યૂહાત્મક સંરક્ષણ સહયોગને પ્રોત્સાહન આપવા માટે આઈઆઈટી-કાનપુર અને પુણે યુનિવર્સિટીમાં ઇન્ડિયન એરફોર્સ ચેયર્સ ઓફ એક્સેલન્સની સ્થાપના સહિતની મુખ્ત સંસ્થાકીય પહેલોનું નેતૃત્વ કર્યું છે. તેઓ ત્રણેય સેનાઓ (ટ્રાઇ-સર્વિસીસ) માંથી સૈનિક સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે સેવા આપનાર અને

...અનુસંધાન પાના 11 પર

# જીડીપી 7.8% કે 2.5%?

**7.8% GDP** વિકાસ દર: પૂર્વ નાણા સચિવે વિકાસ દર 2.5%થી ઓછો હોવાનો દાવો કર્યો, કેન્દ્ર સરકારે આક્ષેપો ફગાવ્યા

**ભૂતપૂર્વ** નાણા સચિવનો દાવો જો ગયા વર્ષના GDPના આંકડામાં ફેરફાર ન કરાયો હોત, તો વિકાસ દર માત્ર 2.6 ટકાની આસપાસ રહ્યો હોત

**સરકારે** સ્પષ્ટતા કરી કે જૂના અને નવા આંકડાની સરખામણી ટેકનિકલી ખોટી



**નવી દિલ્હી, તા. 2:** પૂર્વ નાણા સચિવ સુભાષચંદ્ર ગર્ગે એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળાના 7.8 ટકાના જીડીપી (GDP) વિકાસ દર સામે સવાલો ઉઠાવતા દાવો કર્યો છે કે જીડીપી ગણતરી માટેનો આધાર બદલાયો હોવાથી આ આંકડાની ઝીણવટભરી તપાસ જરૂરી છે. તેમણે જણાવ્યું કે નવી શ્રેણી હેઠળ અગાઉના વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના રિયલ જીડીપી ડેટા ઉપલબ્ધ નહોતા. વર્તમાન ભાવ મુજબ ગણતરી કરવામાં આવે તો વિકાસ દર 2.5 ટકાથી પણ ઓછો રહે છે. ગર્ગના મતે, નવી 2022-23 બેઝ-યર શ્રેણી અપનાવ્યા બાદ 2023-24નો જીડીપી આશરે 12 લાખ કરોડ જેટલો ઘટી ગયો છે. મેન્યુફેક્ચરિંગ અને વપરાશમાં મોટો ઘટાડો નોંધાયો છે, જેથી 7.8 ટકાનો દર વાસ્તવિક છે કે કેમ તે અંગે શંકા ઊભી થાય છે.

...અનુસંધાન પાના 11 પર

### ટીકાકારો બેરોજગાર છે, લોકોને ગુમરાહ કરી રહ્યા છે: પીયુષ ગોયલ

જીડીપી (GDP)ના આંકડા અને ગણતરી પર ઉઠેલા સવાલો વચ્ચે કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે આકરા પ્રહારો કર્યા છે. દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, જીડીપી આંકડાની ટીકા કરનારાઓ જ દેશમાં એકમાત્ર બેરોજગાર છે અને તેઓ તથ્યોને તોડી-મરોડીને લોકોને ગુમરાહ કરી રહ્યા છે. પૂર્વ આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજનનું નામ લીધા વિના ગોયલે કટાક્ષ કર્યો હતો કે,

...અનુસંધાન પાના 11 પર

# CJPના ખુલાસાની અસર: જયપુરમાં જર્જરિત સરકારી શાળા પર બુલડોઝર

**નવા** મકાન માટે રૂ.. 18 લાખ મંજૂર, ઈમારત અસુરક્ષિત હોવાના કારણે કેટલાંક સમયથી શાળા ભેંસના તબેલામાં ચાલતી હતી

**જયપુર, તા. 2 (PTI):** જયપુરમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સભ્યો દ્વારા ગત મહિને જર્જરિત હાલતનો ખુલાસો કરાયા બાદ રામપુરા (કંવરપુરા)ની સરકારી પ્રાથમિક શાળાનું જૂનું મકાન બુધવારે તોડી પાડવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગના અધિકારીઓની હાજરીમાં મકાનને બુલડોઝરથી ધરાશાયી કરવામાં આવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "મકાન તોડી પાડવામાં આવ્યું છે."

સપ્ટેમ્બર 2025માં ટેકનિકલ સર્વે બાદ શાળાના મકાનને જર્જરિત અને અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ તેનો ઉપયોગ બંધ કરી દેવાયો હતો. રાજસ્થાન સરકારે ગત મહિને અહીં ટૂંક સમયમાં રૂ. 18 લાખના ખર્ચે નવું શાળા મકાન બનાવવાની જાહેરાત કરી હતી. આ માટે 13 ઓગસ્ટે જિલ્લા ખનિજ ફાઉન્ડેશન ટ્રસ્ટ (DMFT)માંથી રૂ. 12 લાખ અને ધારાસભ્ય ફંડમાંથી વધુ રૂ. 6 લાખ મંજૂર કરાયા હતા.

CJPની ટીમ ગત મહિને સરકારી શાળાઓની સ્થિતિ ઉજાગર કરવા માટે ચલાવાયેલા 'સ્કૂલ ઠીક કરો' અભિયાન હેઠળ રામપુરા ગામ પહોંચી હતી. આ મુલાકાત દરમિયાન CJPના સભ્યો અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણ થયું હતું અને બંને પક્ષે FIR નોંધાઈ હતી. CJPએ ભાજપના કાર્યકરો પર પોતાના સભ્યો પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે ગ્રામજનોએ મુલાકાતી ટીમ પર લોકોને ધમકાવવાનો અને હોબાળો કરવાનો આરોપ લગાવ્યો હતો.

શાળાની શિક્ષિકા આશાએ કહ્યું કે અહીં નવું મકાન બનશે અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે સારી સુવિધા ઊભી થશે. સ્થાનિક જગદીશ શર્માએ કહ્યું કે સરકાર ફાળવણી કરી ચૂકી છે અને ટૂંક સમયમાં કામ શરૂ થશે.

CJP નેતા આશુતોષ રાંકાએ કહ્યું કે આ એ જ શાળા છે, જે અગાઉ ભેંસના તબેલામાં ચાલતી હતી. તેમણે કહ્યું કે અમારી ટીમ જ્યારે શાળાના નિરીક્ષણ માટે પહોંચી ત્યારે

...અનુસંધાન પાના 11 પર

## તા. ૦૨-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૦.૦ મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૦ સે. | ૨૭.૦ સે. | ૫૬% |

# સરકારી વિભાગો સામે ભ્રષ્ટાચારની ફરિયાદોનો અંબાર

**ભ્રષ્ટાચારના** કિસ્સામાં બેંકો અને રેલવે ટોચ પર: CVCને વર્ષ 2025માં 70,500થી વધુ ફરિયાદો મળી

**દિલ્હીના** સ્થાનિક તંત્રો, કોલસો અને નાણાકીય ક્ષેત્રમાં પણ મોટી સંખ્યામાં ભ્રષ્ટાચારની અરજીઓ નોંધાઈ

**દિલ્હી** સરકાર સામે 2,804 અને દિલ્હી પોલીસ સામે 2,633 ફરિયાદ નોંધાઈ

**નવી દિલ્હી, તા. 2 (PTI):** સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના વાર્ષિક અહેવાલ 2025 અનુસાર, ગયા વર્ષે સરકારી સંસ્થાઓ વિરુદ્ધ ભ્રષ્ટાચારની 70,500 કરતાં વધુ ફરિયાદો મળી હતી, જેમાં બેંકો અને રેલવે વિભાગ સૌથી ટોચ પર રહ્યા છે. કમિશનના વિસ્તૃત ભાગ તરીકે કાર્ય કરતા ચીફ વિજિલન્સ ઓફિસર્સ (CVOs)ને મળેલી કુલ 70,584 ફરિયાદોમાંથી 31 ડિસેમ્બર, 2025 સુધીમાં 64,905 અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે 5,679 ફરિયાદો પ્રક્રિયા હેઠળ હતી.

CVCના રિપોર્ટ મુજબ, બેંકોના ચીફ વિજિલન્સ અધિકારીઓને સૌથી વધુ 9,933 ફરિયાદો મળી હતી, જેમાંથી 9520નો નિકાલ કરાયો હતો. રેલવે સંબંધિત 9,381 ફરિયાદોમાંથી 8,754 ઉકેલાઈ હતી. આ ઉપરાંત, આવાસ અને શહેરી બાબતોના વિભાગ સામે 6531 અને દિલ્હી સિવાયના સ્થાનિક તંત્રો

...અનુસંધાન પાના 11 પર

# RBIની વિશેષ સ્કીમથી ધનવર્ષા: NRIsએ ઠાલવ્યા $127 અબજ

**વિદેશી** હૂંડિયામણ ભંડાર $729 અબજની રેકોર્ડ ટોચે, અણધાર્યા પ્રતિસાદને કારણે આરબીઆઈએ સમય મર્યાદાથી એક મહિનો વહેલી યોજના બંધ કરવી પડી

**મુંબઈ, તા. 2 (PTI):** રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની વિશેષ વિદેશી હૂંડિયામણ યોજના હેઠળ બિન-નિવાસી ભારતીયો (NRIs) તરફથી વિદેશી ચલણ ડિપોઝિટમાં અભૂતપૂર્વ રકમ પ્રાપ્ત થઈ છે. ભારતની બાહ્ય આર્થિક સ્થિતિ અને વિદેશી હૂંડિયામણની તરલતાને મજબૂત કરવાના હેતુથી 8 જૂન, 2026ના રોજ આરબીઆઈ દ્વારા આ વિશેષ ડોલર-રૂપિયા સ્વેપ સુવિધા શરૂ કરવામાં આવી હતી. આ યોજનાને મળેલા અણધાર્યા પ્રતિસાદને કારણે, સરકારે તેની મૂળ આખરી તારીખ 30 સપ્ટેમ્બરથી એક મહિનો વહેલી એટલે કે 31 ઓગસ્ટ જ નક્કી કરી આ વિન્ડો બંધ કરવાનો નિર્ણય લીધો હતો.



આ સમયગાળા દરમિયાન દેશમાં કુલ 136.377 અબજ ડોલરનું વિદેશી હૂંડિયામણ આવ્યું છે, જેમાંથી માત્ર ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ એટલે કે FCNR(B) ડિપોઝિટ દ્વારા જ 127.226 અબજ ડોલર (આશરે 100 અબજ ડોલરથી વધુ) એકત્ર થયા છે. વધુમાં, ઓવરસીઝ ફોરેન કરન્સી બોરોઈંગ્સ (OFCB) દ્વારા 5.26 અબજ ડોલર અને એક્સ્ટર્નલ કોમર્શિયલ બોરોઈંગ્સ (ECBs) દ્વારા 3.891 અબજ ડોલર પ્રાપ્ત થયા હતા. ECBs અને OFCBs માટે આ સ્વેપ યોજના 31 ડિસેમ્બર, 2026 સુધી ખુલ્લી રહેશે.

સેન્ટ્રલ બેંકે અલગ-અલગ બેંકોના આંકડા જાહેર કર્યા નથી, પરંતુ ખાનગી ક્ષેત્રની આઈસીઆઈસીઆઈ

...અનુસંધાન પાના 11 પર